Fire Copy

# WE SERVE TO SAVE

પ્રતિ
મુખ્ય કારોબારી અધિકારી                                ઇનવર્ડ નં.૩૦૩,તા.૧૫/૦૪/૨૦૧૯
નવસારી શહેરી વિકાસ સત્તામંડળ
નવસારી.

વિષય:- ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઇફ સેફટી મેઝર એકટ -૨૦૧૩ અન્વયે અત્રેથી ફકત અભિપ્રાય આપવા બાબત.

સંદર્ભ:- નવસારી નગરપાલિકા ના જાવકપત્ર ક્રમાંક નં.નુડા.૩૦૫-૩૦૬ /૧૯,તા.૧૮-૦૩-૨૦૧૯ ની અરજદાર શ્રી હર્ષ સુશાંત શાહ ની તા.૨૭-૦૨-૨૦૧૯ની મોજે:- સીસોદ્રા (ગણેશ) ,તા.નવસારી ,જી.નવસારી ના બ્લોક નં /રે.સ.નં.૨૮,ની બાંધકામ પરવાનગી ની અરજી અન્વયે

સવિનય ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે ના પત્ર અનુસંધાને જણાવવાનુ કે અરજદાર શ્રી હર્ષ સુશાંત શાહ ની તા.૨૭-૦૨-૨૦૧૯ની મોજે:- સીસોદ્રા (ગણેશ) ,તા.નવસારી ,જી.નવસારી ના બ્લોક નં /રે.સ.નં.૨૮, ની જમીનમાં બાંધકામ એર્ફોડેબલ રેસીડેન્શીલ પ્રકારના ડેવલપમેન્ટ હેતુ માટે ગુજરાત પ્રિવેન્શન એન્ડ લાઇફ સેફટી મેઝર એકટ -૨૦૧૩ નાં જીડીસીઆર (૨૦૨૧) નાં ઉલ્લેખીત નિયમો મુજબ અત્રેનાં ફાયર પ્રિવેન્શન અને પ્રોટેકશન મુજબ નો અભિપ્રાય માંગેલ છે. જેમાં બિલ્ડીગે (ગ્રાઉન્ડફલોર + ૭ માળ) માં ઉંચાઇ ૨૩.૬૫ મીટર ધરાવતી ઇમારતમાં ગુજરાત પ્રિવેન્શન એન્ડ લાઇફ સેફટી મેઝર એકટ -૨૦૧૩ અન્વયે સ્પ્રીન્કલર ઇનસ્ટોલ કરવાના રહેશે.તેમજ મેઇન ઇલેકટ્રીકલ પંપ,જોકી પંપ તેમજ ડીઝલ પંપ ડ્રોઇંગમાં તેમજ ફીજીકલ ગ્રાઉન્ડ લેવલે ઇનસ્ટોલેશન કરેલ હોવો જોઇએ.

ઉપરોકત સંદર્ભે જરૂરીયાત મુજબનો સ્ટેરકેસ (દાદર) ૧.૫ મીટર ની પહોળાઇ સહીતનો અને બંને સાઇડનો પેસેજ ખુલ્લો હોવો જોઇએ.દરેક માળે પેરાપેટ વોલ ઉપર ૨ મીટર ની હાઇટ ઉપર હવા ઉજાસ થઇ શકે તે મુજબ હોવુ જોઇએ.તેમજ ઇમારત પ્રિમાઇસીસમાં ૪૦ ટન ધરાવતુ ફાયર વાહન સંર્પુણ ઇમારતના પ્રિમાઇસીસમાં ૦૪ મીટર ની પરિઘમાં ફરી શકે તે મુજબ હોવુ જોઇએ અને પ્રિમાઇસીસ ની ગેટ એન્ટ્રી બંને સાઇડ ૦૬ મીટર કે તેથી વધુ હોવી જોઇએ.

સંર્પુણ ઇમારતમાં ફાયર સેફટી અને પ્રોટેકશન ઇકવીપમેન્ટ કાયમી ધોરણે ફીકસ લગાડયા બાદજ આપના લેવલેથી ફાયર સર્વિસ વિભાગનાં ઓફીસરનાં ઇન્સપેકશન કર્યા બાદ એન.ઓ.સી.આપવા ભલામણ છે.

જાવકનં/અભિપ્રાય નં. ૨૮૩
તા. ૫/૧૨/૨૦૧૯

ડી.એચ.માખીજાની
રીજનલ ફાયર ઓફીસર
સુરત

રવાનગી કલાર્ક
નવસારી શહેર વિકાસ સત્તા મંડળ (નુ.શ.)
નવસારી

Scanned by CamScanner

# નવસારી શહેરી વિકાસ સત્તામંડળ

"નુડા" કલેકટર કચેરી, પ્રથમ માળ, કાલીયાવાડી,
નવસારી – ૩૯૬૪૪૫

નં.નુડા/બાંધકામ/વશી.305-306/૨૦૧૯ — તા.૧૮/૦૩/૨૦૧૯

પ્રતિ,
રીજનલ ફાયર ઓફિસરશ્રી,
મુગલીસરા, ફાયર સ્ટેશન,
સુરત.

વિષય :– બાંધકામની પરવાનગી બાબત.
મોજે.સીસોદ્રા(ગણેશ), તા.નવસારી, જિ.નવસારીનાં
બ્લોકનં./રિ.સ.નં.૨૮, શ્રી હર્ષ સુશાંત શાહની તા.૨૭/૨/૧૯ ની બાંધકામ
પરવાનગી અરજી અન્વયે.

જયભારત સહ ઉપરોક્ત વિષય અંગેની બાંધકામ પરવાનગી મેળવવા બાબતની અરજદારશ્રીની તા.૩/૧૨/૨૦૧૮ ની અરજીનાં અનુસંધાને જણાવવાનું કે, અરજી સાથે રજુ થયેલ પ્લાનમાં રજુ કરેલ સુચિત બાંધકામનાં પ્લાન મુજબ એ–ટાઈપ બિલ્ડીગનું આયોજન ૨૩.૬૫ મીટરની ઉંચાઈમાં કરવામાં આવેલ છે.સુચિત "એ" ટાઈપનું આયોજન રહેણાંક હેતુસર (એફોડેબલ હાઉસીગ) બિલ્ડીગનું હોય, નામદાર સરકારશ્રીનાં તા.૧૫/૧/૨૦૧૯ નાં સંકલિત સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમોની જોગવાઈ મુજબ સૌ પ્રથમ ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર એક્ટ–૨૦૧૬ અને તેને આધિન મંજુર થયેલ નિયમોને આધિન ફાયર સેફ્ટી અંતર્ગત સંબધિત ચીફ ફાયર ઓફિસરનું જરૂરી ન વાંધા પ્રમાણપત્ર રજુ કરવું જરૂરી છે.જેથી સામેલ લે આઉટ પ્લાન/નકશાની વિગતોને ધ્યાને લઈ તથા ફાયર અંતર્ગત સુવિધાઓને ધ્યાને લઈ આપશ્રીનો જરૂરી અભિપ્રાય/ એન.ઓ.સી. પાઠવી આપશોજી.

ઈનવર્ડ નં. ૩૦૩
તા. ૯/૧૧/૨૦૧૯

મુખ્ય કારોબારી અધિકારી
નવસારી શહેરી વિકાસ સત્તામંડળ
નવસારી

નકલ રવાના :–
પ્રતિ,
શ્રી હર્ષ સુશાંત શાહ
રહે.C/O બિરેનભાઈ કંસારા(એન્જીનીયર)
પુર્ણા માતાના મંદિરને સામે,
ખત્રીવાડ, જુનાથાણા, નવસારી
તા.નવસારી, જિ.નવસારી તરફે જાણ તથા આગળની કાર્યવાહી કરાવવા સારૂ.

Scanned by CamScanner

ABCD GROUP

# ABCD SOLUTIONS

203, Arihant Apt, Nr. K.G. Hospital, Station Road, Navsari - 396 445.

TO,
REGIONAL FIRE OFFICER,
SUDABHAVAN,
OPP.COLLECTORE OFFICE,
NANPURA, SURAT-395001

Regional Fire Officer
State Fire Prevention Services
Surat

**SUBJECT: Approval of Fire Fighting Layout Plan**

Respected Sir,

On the above cited subject, we want to install Fire Fighting System in our commercial building "PLAN SHOWING THE PROPOSED LAY-OUT PLAN FOR AFFORDABLE HOUSING BUILDING ON R.S. NO. : 28 MOJE : SISODRA, TA. & DIST.: NAVSARI." We enclosed drawing layout for Fire Fighting System approval.

1. NAME OF BUILDING: **"PLAN SHOWING THE PROPOSED LAY-OUT PLAN FOR AFFORDABLE HOUSING BUILDING ON R.S. NO. : 28 MOJE : SISODRA, TA. & DIST.: NAVSARI."**

2. HEIGHT OF BUILDING: **- 23.65 MTR.**

3. AREA OF BUILDING: **- 673.40 SQ MTR.**

4. TYPE OF BUILDING : **- RESIDENTIAL AFFORDABLE HOUSING**

5. FLOOR : **- GROUND FLOOR + SEVEN FLOORS**

You are hereby requested kindly give us approval for installation of Fire Fighting System as per drawing layout.

Thanking You,

ABCD Solutions



Scanned by CamScanner

ABCD GROUP

# ABCD SOLUTIONS

203, Arihant Apt, Nr. K.G. Hospital, Station Road, Navsari - 396 445.

TO,
**"PLAN SHOWING THE PROPOSED LAY-OUT PLAN FOR AFFORDABLE HOUSING BUILDING ON R.S. NO.: 28 MOJE : SISODRA, TA. & DIST.: NAVSARI."**

**BASIC DATA AS PER TAC PUBLICATION GDCR AND N.B.C. PART IV**

| Sr. No. | Particulars | Description |
|---|---|---|
| 1 | Supposition of risk | Coverage of all natural and manmade fire threats. |
| 2 | No. of hydrant valve | 16 |
| 3 | No. of sprinklers | 0 |
| 4 | Pump size with flow | Pump of capacity 1620 LPM @ 60 Mtr. head coupled to 30 H.P., A.C. 3 Phase motor complete with common base plate. |
| 5 | Fire water tank required | 100000 liters ( underground water tank ) |
| 6 | Rating for Main pump hydrant | 30 HP/20 KW |
| 7 | Rating for Jockey pump | Pump of capacity 180 LPM @ 65 Mtr. head coupled to 10 H.P., A.C. 3 Phase motor complete with common base plate.<br>7.5 HP / 5.5 KW |
| 8 | Application | For fire fighting in commercial application |
| 9 | Assumed pipe dia hit & trial method | 100 mm, 80 mm, 50 mm, 40 mm, 32 mm, 25 mm. |
| 10 | Size of suction Header | 100 mm dia ( Negative suction) |
| 11 | Size of discharge header | 80 mm NB |
| 12 | Type of valve in pump room at suction side | BFV |
| 13 | Type of valve in pump room at discharge side | NRV |
| 14 | Actual Fire Water storage tank capacity | 100000 liters ( underground water tank ) |
| 15 | Pump room | Negative suction |
| 16 | Pressure at rest of area | Minimum 3.5kg/cm² |
| 17 | Type of system | Automatic Operated wet system |
| 18 | Back up for emergency | Diesel Generator 50 HP |
| 19 | Fire alarm system | Automatic information |
| 20 | Building height | 23.65 mtr |
| 21 | Building Area | 673.40 sq mtr. |

DIRECTOR STATE FIRE PREVENTION SERVICES
सत्यमेव जयते
Gandhinagar

ABCD SOLUTIONS
ABCD Solutions

Regional Fire Officer
State Fire Prevention Services
Surat



Scanned by CamScanner

# ABCD SOLUTIONS

A-Affordable B-BEST C-Complete D-DELIVERY
ABCD GROUP
203, Arihant Apt, Nr. K.G. Hospital, Station Road, Navsari - 396 445.

TO,
**"PLAN SHOWING THE PROPOSED LAY-OUT PLAN FOR AFFORDABLE HOUSING BUILDING ON R.S. NO.: 28 MOJE : SISODRA, TA. & DIST.: NAVSARI."**

The fire safety items given below are implanted in the market as per **N.B.C. Part IV.** The following fire layout plan has been prepared under the guidance of Jimit Desai. We will also provide trained fireman for the operating and maintenance of the system.

| SR NO. | FIRE HYDRANT SYSTEM | Make | Quantity |
|---|---|---|---|
| 1 | MAIN PUMP 30 HP ( IN PUMP HOUSE ) | Lubi/ Kirloskar/CRI | 01 NOS |
| 2 | JOCKEY PUMP 7.5 HP ( IN PUMP HOUSE ) | Lubi/ Kirloskar/CRI | 01 NOS |
| 3 | BUSTER PUMP ( On Terrace ) | Lubi/ Kirloskar/CRI | 02 NOS |
| 4 | PUMP PANEL | L&T/ ABCD/Gelco | 01 NOS |
| 5 | HYDRANT RISER | Tata/Asian/Jindal | 02 NOS |
| 6 | G.I.PIPE "C" CLASS 100 mm ISI(IS:1239 Part- II/3589) | Asian/Jindal | 150 RMT |
| 7 | G.I.PIPE "C" CLASS 80 mm ISI(IS:1239 Part- II/3589) | Asian/Jindal | 12 RMT |
| 8 | Butterfly valve CI 100 mm ISI(IS: 13095) | Kranti / Sant | 03 NOS |
| 9 | NRV valve CI 100 mm ISI(IS: 13095) | Kranti/ Krishna/ Sant | 03 NOS |
| 10 | GM air release valve ISI | Kranti/ Krishna/ Sant | 03 NOS |
| 11 | Inlet Two way CI IS (IS:904) | Kranti/ Krishna/ Ronak | 01NOS |
| 12 | Hydrant Valve 63 mm SS ISI(IS: 5290) | Kranti/ Swati / Ronak | 16 NOS |
| 13 | Hose reel 19 mm length 30mtr with Rubber hose IS: 444 type 2 | Kranti/ Swati/ Ronak | 16 NOS |
| 14 | Hose box with hose pipe length 15mtr (ISI 636 Type(A)) | Kranti/ Swati / Ronak | 16 NOS |
| 15 | Pressure gauge | H. Guru / Fiebig / General instrument | 05 NOS |
| 16 | Pressure switch | Indfoss / Switzer / VermaTrafag / System Sensor | 04 NOS |

| Sr. | FIRE ALARM SYSTEM | Make | Quantity |
|---|---|---|---|
| 1 | Fire Alarm Panel | Agni suraksha/System sensor | 01 NOS |
| 2 | M.C.P | Agni suraksha/System sensor | 16 NOS |
| 3 | Hooter | Agni suraksha/System sensor | 16 NOS |
| 4 | Wire F.R 3 Core 1.5 sq.mm | Fire Retardant | 150 R.MT |
| 5 | Conduit Pipe F.R. 1 inch | Fire Retardant | 150 R.MT |

| Sr. | EXTINGUSHIER | Make | Quantity |
|---|---|---|---|
| 1 | ABC type fire extinguisher capacity 6 Kg ISI(IS: 15683) | Safex / Kanex / Ronak | 16 NOS |
| 2 | Co2 type fire extinguisher capacity 4.5 Kg ISI(IS: 2878) | Safex / Kanex / Ronak | 02 NOS |

DIRECTOR STATE FIRE PREVENTION SERVICES
Gandhinagar

ABCD SOLUTIONS

ABCD Solutions

5-12-15

Regional Fire Officer
State Fire Prevention Services
Surat



Scanned by CamScanner

A-Affordable B-BEST C-Complete D-DELIVERY

ABCD GROUP

# ABCD SOLUTIONS

203, Arihant Apt, Nr. K.G. Hospital, Station Road, Navsari - 396 445.


TO,
**"PLAN SHOWING THE PROPOSED LAY-OUT PLAN FOR AFFORDABLE HOUSING BUILDING ON R.S. NO. : 28 MOJE : SISODRA, TA. & DIST.: NAVSARI."**

**B.O.Q**
**ALL PROJECTS**

| | |
|---|---|
| **A)HYDRANT SYSTEM:-** | |
| ➢ Hydrant Riser | 02 NOS |
| ➢ Hydrant Valve 63 mm SS ISI | 16 NOS |
| ➢ Hose reel 19 mm length 30mtr with Rubber hose ISI | 16 NOS |
| ➢ Hose box with hose pipe length 15mtr ISI | 16 NOS |
| ➢ G.I.PIPE "C" CLASS 100 mm ISI | 150 RMT |
| ➢ G.I.PIPE "C" CLASS 80 mm ISI | 120 RMT |
| ➢ Butterfly valve CI 100 mm ISI | 03 NOS |
| ➢ Two way inlet | 01 NOS |
| ➢ NRV valve CI 100 mm ISI | 03 NOS |
| ➢ Air release valve | 03 NOS |
| **Fire pump set with accessories** | |
| • Main pump 30 HP ( In pump house ) | 01 NOS |
| • Jockey pump 7.5 HP ( In pump house ) | 01 NOS |
| • Buster pump ( On terrace ) | 02 NOS |
| • Pump Panel | 01 NOS |
| • Pressure Gauge | 05 NOS |
| • Pressure Switch | 04 NOS |
| **B) FIRE ALARM SYSTEM:-** | |
| ➢ Fire Alarm Panel | 01 NOS |
| ➢ M.C.P | 16 NOS |
| ➢ Hooter | 16 NOS |
| ➢ Wire F.R. 3 Core 105 Sq.mm | 150 R.MT |
| ➢ Conduit Pipe F.R. – 1" inch | 150 R.MT |
| **C) EXTINGUISHERS:-** | |
| • ABC type fire extinguisher capacity 6 Kg ISI | 16 NOS |
| • Co2 type fire extinguisher capacity 4.5 Kg ISI | 02 NOS |

DIRECTOR STATE FIRE PREVENTION SERVICES *Gandhinagar.*

5-12-19
Regional Fire Officer
State Fire Prevention Services
Surat

| AUTHORIESED FIRE DEPARTMENT | CERTIFICATE | AUTH FIRE LAYOUT DESIGN BY:- | CONSULTING ENGINEER SIGNATURE | OWNER SIGNATURE |
|---|---|---|---|---|
| | ABCD Solutions | | KANSARA B.E. (CIVIL) M.E. FIV CHARTERED ENGINEER GOVT. APPROVED VALUER NAVSARI | |


**ABCD SERVICES** **ABCD MARKETING** **ABCD SOLUTIONS**

Emial :support@abcdgroup.co.in Mo. : +91 97372 40696 / +91 78784 90696


Scanned by CamScanner

A Affordable, B BEST C Complete D DELIVERY
ABCD GROUP

# ABCD SOLUTIONS

203, Arihant Apt, Nr. K.G. Hospital, Station Road, Navsari - 396 445. [redacted]

**TO,**
**"PLAN SHOWING THE PROPOSED LAY-OUT PLAN FOR AFFORDABLE HOUSING BUILDING ON R.S. NO. : 28 MOJE : SISODRA, TA. & DIST.: NAVSARI."**

**B.O.Q**
**GROUND FLOOR LAYOUT PLAN**

| Pump Room Fire pump set with accessories | |
|---|---|
| • G.I.PIPE "C" CLASS 100 mm ISI | 80 R.MT. |
| • Main pump 30 HP ( In pump house ) | 01 NOS |
| • Jockey pump 7.5 HP ( In pump house ) | 01 NOS |
| • Pump Panel | 01 NOS |
| • Pressure Gauge | 03 NOS |
| • Pressure Switch | 02 NOS |
| • Butterfly valve CI 100 mm ISI | 02 NOS |
| • NRV valve CI 100 mm ISI | 02 NOS |
| • Air release valve | 02 NOS |

| Ground Floor Plan | |
|---|---|
| **A)HYDRANT SYSTEM:-** | |
| ➢ Hydrant Riser | 2 NOS |
| ➢ Hydrant Valve 63 mm SS ISI | 2 NOS |
| ➢ Hose reel 19 mm length 30mtr with Rubber hose ISI | 2 NOS |
| ➢ Hose box with hose pipe length 15mtr ISI | 2 NOS |
| ➢ G.I.PIPE "C" CLASS 100 mm ISI | 10 R.MT. |
| ➢ G.I.PIPE "C" CLASS 80 mm ISI | 1 R.MT. |
| ➢ Two way inlet | 1 NOS |
| **B) FIRE ALARM SYSTEM:-** | |
| ➢ M.C.P | 2 NOS |
| ➢ Hooter | 2 NOS |
| ➢ Wire F.R. 3 Core 105 Sq.mm | 10 R.MT |
| ➢ Conduit Pipe F.R. – 1" inch | 10 R.MT |
| **C) EXTINGUISHERS:** | |
| ➢ ABC type fire extinguisher capacity 6 Kg ISI | 2 NOS |
| ➢ Co2 type fire extinguisher capacity 4.5 Kg ISI | 2 NOS |

STATE FIRE PREVENTION SERVICES
सत्यमेव जयते
Gandhinagar

5-12-19
Regional Fire Officer
State Fire Prevention Services
Surat

| AUTHORIESED FIRE DEPARTMENT | CERTIFICATE | AUTH FIRE LAYOUT DESIGN BY:- | CONSULTING ENGINEER SIGNATURE | OWNER SIGNATURE |
|---|---|---|---|---|
| | | ABCD Solutions | BIREN KANSARA, B.E. (Civil) MIE FIV, CHARTERED ENGINEER, GOVT. APPROVED VALUER, M-110982/5, NAVSARI | |

ABCD SERVICES ABCD MARKETING ABCD SOLUTIONS

Emial :support@abcdgroup.co.in Mo. : +91 97372 40696 / +91 78784 90696

Scanned by CamScanner

ABCD GROUP

# ABCD SOLUTIONS

203, Arihant Apt, Nr. K.G. Hospital, Station Road, Navsari - 396 445. [redacted]

TO,
"PLAN SHOWING THE PROPOSED LAY-OUT PLAN FOR AFFORDABLE HOUSING BUILDING ON R.S. NO.: 28 MOJE : SISODRA, TA. & DIST.: NAVSARI."

**B.O.Q**
**TYPICAL FLOOR PLAN & SECTION DRG**

| | |
|---|---|
| **1st Floor plan** | |
| **A)HYDRANT SYSTEM:-** | |
| ➢ Hydrant Riser | 2 NOS |
| ➢ Hydrant Valve 63 mm SS ISI | 2 NOS |
| ➢ Hose reel 19 mm length 30mtr with Rubber hose ISI | 2 NOS |
| ➢ Hose box with hose pipe length 15mtr ISI | 2 NOS |
| ➢ G.I.PIPE "C" CLASS 100 mm ISI | 10 R.MT. |
| ➢ G.I.PIPE "C" CLASS 80 mm ISI | 1 R.MT. |
| **B) FIRE ALARM SYSTEM:-** | |
| ➢ M.C.P | 2 NOS |
| ➢ Hooter | 2 NOS |
| ➢ Wire F.R. 3 Core 105 Sq.mm | 10 R.MT. |
| ➢ Conduit Pipe F.R. – 1" inch | 10 R.MT. |
| **C) EXTINGUISHERS:** | |
| ➢ ABC type fire extinguisher capacity 6 Kg ISI | 2 NOS |
| **Typical Floor plan (2nd to 7th Floor)** | |
| **A)HYDRANT SYSTEM:-** | |
| ➢ Hydrant Riser | 2 NOS |
| ➢ Hydrant Valve 63 mm SS ISI | 12 NOS |
| ➢ Hose reel 19 mm length 30mtr with Rubber hose ISI | 12 NOS |
| ➢ Hose box with hose pipe length 15mtr ISI | 12 NOS |
| ➢ G.I.PIPE "C" CLASS 100 mm ISI | 50 R.MT. |
| ➢ G.I.PIPE "C" CLASS 80 mm ISI | 5 R.MT. |
| **B) FIRE ALARM SYSTEM:-** | |
| ➢ M.C.P | 12 NOS |
| ➢ Hooter | 12 NOS |
| ➢ Wire F.R. 3 Core 105 Sq.mm | 50 R.MT. |
| ➢ Conduit Pipe F.R. – 1" inch | 50 R.MT. |
| **C) EXTINGUISHERS:** | |
| ➢ ABC type fire extinguisher capacity 6 Kg ISI | 12 NOS |

5-12-19
Regional Fire Officer
State Fire Prevention Services
Surat

| AUTHORIESED FIRE DEPARTMENT | CERTIFICATE | AUTH FIRE LAYOUT DESIGN BY:- | CONSULTING ENGINEER SIGNATURE | OWNER SIGNATURE |
|---|---|---|---|---|
| | | | | |

ABCD SERVICES ABCD MARKETING ABCD SOLUTIONS

Emial :support@abcdgroup.co.in Mo. : +91 97372 40696 / +91 78784 90696

Scanned by CamScanner

| SECTION DRG | |
|---|---|
| **A)HYDRANT SYSTEM:-** | |
| ➢ Hydrant Riser | 1 X 2 Riser = 2 NOS |
| ➢ Hydrant Valve 63 mm SS ISI | 8 X 2 Riser = 16 NOS |
| ➢ Hose reel 19 mm length 30mtr with Rubber hose ISI | 8 X 2 Riser = 16 NOS |
| ➢ Hose box with hose pipe length 15mtr ISI | 8 X 2 Riser = 16 NOS |
| ➢ G.I.PIPE "C" CLASS 100 mm ISI | 30 X 2 Riser = 60 R.MT |
| ➢ G.I.PIPE "C" CLASS 80 mm ISI | 6 X 2 Riser = 12 R.MT |
| ➢ Buster Pump | 1 X 2 Riser = 2 NOS |
| ➢ Main pump 30 HP | 1 NOS |
| ➢ Jockey pump 7.5 HP | 1 NOS |
| ➢ Butterfly valve CI 100 mm ISI | 4 NOS |
| ➢ Two way inlet | 1 NOS |
| ➢ NRV valve CI 100 mm ISI | 4 NOS |
| ➢ Air release vaive | 4 NOS |
| **B) FIRE ALARM SYSTEM:-** | |
| ➢ Fire Alarm Panel | 1 NOS |
| ➢ M.C.P | 8 X 2 Riser = 16 NOS |
| ➢ Hooter | 8 X 2 Riser = 16 NOS |
| ➢ Wire F.R. 3 Core 105 Sq.mm | 150 R.MT. |
| ➢ Conduit Pipe F.R. – 1" inch | 150 R.MT. |
| **C) EXTINGUISHER:-** | |
| • ABC type fire extinguisher capacity 6 Kg ISI | 16 NOS |
| • Co2 type fire extinguisher capacity 4.5 Kg ISI | 02 NOS |

Regional Fire Officer
State Fire Prevention Services
Surat

| AUTHORIESED FIRE DEPARTMENT | CERTIFICATE | AUTH FIRE LAYOUT DESIGN BY:- | CONSULTING ENGINEER SIGNATURE | OWNER SIGNATURE |
|---|---|---|---|---|
| | | | | |



Scanned by CamScanner

# ABCD SOLUTIONS

ABCD GROUP

203, Arihant Apt, Nr. K.G. Hospital, Station Road, Navsari - 396 445. [redacted]

TO,
**"PLAN SHOWING THE PROPOSED LAY-OUT PLAN FOR AFFORDABLE HOUSING BUILDING ON R.S. NO.: 28 MOJE : SISODRA, TA. & DIST.: NAVSARI."**

**B.O.Q**

**TERRACE FLOOR LAYOUT PLAN**

| PUMP AND ACCESSORIES | |
|---|---|
| ➤ Buster Pump | 2 NOS |
| ➤ Butterfly valve CI 100 mm ISI | 2 NOS |
| ➤ NRV valve CI 100 mm ISI | 2 NOS |
| ➤ Air release valve | 2 NOS |
| ➤ Pressure Gauge | 2 NOS |
| ➤ Pressure Switch | 2 NOS |

R... nal F... Officer
State F... Prevention Serv...
Su... t

| AUTHORIESED FIRE DEPARTMENT | CERTIFICATE | AUTH FIRE LAYOUT DESIGN BY:- | CONSULTING ENGINEER SIGNATURE | OWNER SIGNATURE |
|---|---|---|---|---|
| | | | | |

**ABCD SERVICES** **ABCD MARKETING** **ABCD SOLUTIONS**

Emial :support@abcdgroup.co.in Mo. : +91 97372 40696 / +91 78784 90696


Scanned by CamScanner

PROPOSED LAY-OUT PLAN FOR AFFORDABLE HOUSING BUILDING ON R.S. NO. : 28 MOJE : SISODRA, TA. & DIST. : NAVSARI.

DRAWING NO : 2 / 3

DIRECTOR STATE FIRE PREVENTION SERVICES * Gandhinagar *


Regional Fire Officer
State Fire Prevention Services
Surat



ELEVATION
( Scale = 1 : 100 )

| Pump Room Fire pump set with accessories | |
|---|---|
| • G.I.PIPE "C" CLASS 100 mm ISI | 80 R.MT. |
| • Main pump 30 HP ( In pump house ) | 01 NOS |
| • Jockey pump 7.5 HP ( In pump house ) | 01 NOS |
| • Pump Panel | 01 NOS |
| • Pressure Gauge | 01 NOS |
| • Pressure Switch | 02 NOS |
| • Butterfly valve CI 100 mm ISI | 02 NOS |
| • NRV valve CI 100 mm ISI | 02 NOS |
| • Air release valve | 02 NOS |

| Ground Floor Plan | |
|---|---|
| A) HYDRANT SYSTEM:- | |
| ➤ Hydrant Riser | |
| ➤ Hydrant Valve 63 mm SS ISI | 2 NOS |
| ➤ Hose reel 19 mm length 30mtr with Rubber hose ISI | 2 NOS |
| ➤ Hose box with hose pipe length 15mtr ISI | 2 NOS |
| ➤ G.I.PIPE "C" CLASS 100 mm ISI | 2 NOS |
| ➤ G.I.PIPE "C" CLASS 80 mm ISI | 10 R.MT. |
| ➤ Two way inlet | 1 R.MT. |
| B) FIRE ALARM SYSTEM:- | 1 NOS |
| ➤ M.C.P. | |
| ➤ Hooter | 2 NOS |
| ➤ Wire F.R. 3 Core 1.05 Sq.mm | 2 NOS |
| ➤ Conduit Pipe F.R. – 1" inch | 10 R.MT |
| C) EXTINGUISHERS: | 10 R.MT |
| ➤ ABC type fire extinguisher capacity 6 Kg ISI | |
| ➤ Co2 type fire extinguisher capacity 4.5 Kg ISI | 2 NOS |
| | 2 NOS |




GROUND FLOOR PLAN
( Scale = 1 : 100 )

| Fire Legends: | |
|---|---|
| Symbols: | |
| | Underground Pipe |
| | 150 mm dia Pipe |
| | 100 mm dia pipe |
| | 80 mm dia pipe |
| | 65 mm dia pipe |
| | 50 mm dia pipe |
| | 40 mm dia pipe |
| | 32 mm dia pipe |
| | 25 mm dia pipe |
| | Hose box |
| | Hose reel |
| | Butterfly valve |
| | Non return valve |
| | Pressure gauge |
| | Hydrant valve |
| | Ball valve |
| | Two way inlet |
| | Sprinkler |
| MCP | MCP |
| | Sounder |
| | Extinguisher |
| | Fire Pump |
| | Smoke detector |
| | Speaker |

SANITARY CALCULATION ( G.F. )

101 TO 500 SQ. MT OR 50 PERSON 1 NOS. TOILET &
101 TO 500 SQ. MT OR 50 PERSON 1 NOS. URINAL
257.49 / 4 = 64.37 SQ. MT
64.37 / 50 = 1.29 SAY 1 NOS. TOILET
64.37 / 50 = 1.29 SAY 1 NOS. URINAL

GROUND FLOOR OPEN PARKING

( A ) GROUND FLOOR OPEN PARKING = 72.90 SQ. MT
( B ) GROUND FLOOR OPEN PARKING = 174.29 SQ. MT
( C ) GROUND FLOOR OPEN PARKING = 88.97 SQ. MT
TOTAL GROUND FLOOR OPEN PARKING = 336.16 SQ. MT

B ) GROUND COVER PARKING AREA = 468.31 SQ. MT.
C ) GROUND OPEN PARKING AREA = 336.16 SQ. MT.
D ) TOTAL PARKING AREA = 804.47 SQ. MT.
TOTAL PARKING AREA = 804.47 SQ. MT

TREE PLANTATION CALCULATION

TOTAL PLOT AREA = 1821.00 SQ. MT
REQUIRED TREE = 200 SQ. MT. X 5 TREE
1821.00 X 5 TREE / 200 = 45.52
SAY 46 TREE
PROPOSED = 46 TREE

ABCD Solutions

| | |
|---|---|
| Fire Consultant: ABCD GROUP | |
| Project Name: Harsh Sushant Shah | |
| Client: | |
| Drawing Title: Fire Hydrant Layout | |
| Drawing by: | UD |
| Design by: | NILAY |
| Checked by: | JIMIT |
| Scale: | NTS |

Title -

Proposed construction work for Harsh Sushant Shah at, R.S. No - 28 Moje : Sisodra, Ta. & Dist. : Navsari.

| Owners Signature | Engineers Signature |
|---|---|
| | |

BIREN KANSARA * ARCHITECTS CONSULTING STRUCTURAL ENGINEERS * NAVSARI

TRADE = 0.28
RISER = 0.16
FLIGHT = 1.20
OUTER WALL = 0.16
INNER WALL = 0.11 & 0.15


Biren Kansara

Scanned by CamScanner

PROPOSED LAY-OUT PLAN FOR AFFORDABLE HOUSING BUILDING ON R.S. NO. : 28 MOJE : SISODRA, TA. & DIST. : NAVSARI.


DRAWING NO : 3 / 3

Regional Fire Officer
State Fire Prevention Services
Surat




SECTION - AA
(Scale = 1 : 100)

| SECTION DRG | |
|---|---|
| **A) HYDRANT SYSTEM:-** | |
| ➤ Hydrant Riser | 1 X 2 Riser = 2 NOS |
| ➤ Hydrant Valve 63 mm SS ISI | 8 X 2 Riser = 16 NOS |
| ➤ Hose reel 19 mm length 30mtr with Rubber hose ISI | 8 X 2 Riser = 16 NOS |
| ➤ Hose box with hose pipe length 15mtr ISI | 8 X 2 Riser = 16 NOS |
| ➤ G.I.PIPE "C" CLASS 100 mm ISI | 30 X 2 Riser = 60 R.MT |
| ➤ G.I.PIPE "C" CLASS 80 mm ISI | 6 X 2 Riser = 12 R.MT |
| ➤ Buster Pump | 1 X 2 Riser = 2 NOS |
| ➤ Main pump 30 HP | 1 NOS |
| ➤ Jockey pump 7.5 HP | 1 NOS |
| ➤ Butterfly valve CI 100 mm ISI | 4 NOS |
| ➤ Two way inlet | 1 NOS |
| ➤ NRV valve CI 100 mm ISI | 4 NOS |
| ➤ Air release valve | 4 NOS |
| **B) FIRE ALARM SYSTEM:-** | |
| ➤ Fire Alarm Panel | 1 NOS |
| ➤ M.C.P | 8 X 2 Riser = 16 NOS |
| ➤ Hooter | 8 X 2 Riser = 16 NOS |
| ➤ Wire F.R. 3 Core 105 Sq.mm | 150 R.MT |
| ➤ Conduit Pipe F.R. – 1" inch | 150 R.MT |
| **C) EXTINGUISHER:-** | |
| • ABC type fire extinguisher capacity 8 Kg ISI | 16 NOS |
| • Co2 type fire extinguisher capacity 4.5 Kg ISI | 02 NOS |





1ST TO 7TH FLOOR PLAN
(Scale = 1 : 100)

| Typical Floor plan (2nd to 7th Floor) | |
|---|---|
| **A) HYDRANT SYSTEM:-** | |
| ➤ Hydrant Riser | 2 NOS |
| ➤ Hydrant Valve 63 mm SS ISI | 12 NOS |
| ➤ Hose reel 19 mm length 30mtr with Rubber hose ISI | 12 NOS |
| ➤ Hose box with hose pipe length 15mtr ISI | 12 NOS |
| ➤ G.I.PIPE "C" CLASS 100 mm ISI | 50 R.MT |
| ➤ G.I.PIPE "C" CLASS 80 mm ISI | 5 R.MT |
| **B) FIRE ALARM SYSTEM:-** | |
| ➤ M.C.P | 12 NOS |
| ➤ Hooter | 12 NOS |
| ➤ Wire F.R. 3 Core 105 Sq.mm | 50 R.MT |
| ➤ Conduit Pipe F.R. – 1" inch | 50 R.MT |
| **C) EXTINGUISHERS:** | |
| ➤ ABC type fire extinguisher capacity 6 Kg ISI | 12 NOS |

Fire Legends:

| Symbols: | |
|---|---|
| | Underground Pipe |
| | 150 mm dia Pipe |
| | 100 mm dia pipe |
| | 80 mm dia pipe |
| | 65 mm dia pipe |
| | 50 mm dia pipe |
| | 40 mm dia pipe |
| | 32 mm dia pipe |
| | 25 mm dia pipe |
| | Hose box |
| | Hose reel |
| | Butterfly valve |
| | Non return valve |
| | Pressure gauge |
| | Hydrant valve |
| | Ball valve |
| | Two way inlet |
| | Sprinkler |
| MCP | MCP |
| | Sounder |
| | Extinguisher |
| | Fire Pump |
| | Smoke detector |
| | Speaker |




| SANITARY CALCULATION ( G.F. ) |
|---|
| 101 TO 500 SQ. MT. OR 50 PERSON 1 NOS. TOILET & |
| 101 TO 500 SQ. MT. OR 50 PERSON 1 NOS. URINAL |
| 107.28 / 4 = 26.82 SQ. MT. |
| 26.82 / 50 = 0.79 SAY 1 NOS. TOILET |
| 26.82 / 50 = 0.79 SAY 1 NOS. URINAL |

FIRST FLOOR PLAN
(Scale = 1 : 100)

| 1st Floor plan | |
|---|---|
| **A) HYDRANT SYSTEM:-** | |
| ➤ Hydrant Riser | 2 NOS |
| ➤ Hydrant Valve 63 mm SS ISI | 2 NOS |
| ➤ Hose reel 19 mm length 30mtr with Rubber hose ISI | 2 NOS |
| ➤ Hose box with hose pipe length 15mtr ISI | 2 NOS |
| ➤ G.I.PIPE "C" CLASS 100 mm ISI | 10 R.MT. |
| ➤ G.I.PIPE "C" CLASS 80 mm ISI | 1 R.MT. |
| **B) FIRE ALARM SYSTEM:-** | |
| ➤ M.C.P | 2 NOS |
| ➤ Hooter | 2 NOS |
| ➤ Wire F.R. 3 Core 105 Sq.mm | 10 R.MT. |
| ➤ Conduit Pipe F.R. – 1" inch | 10 R.MT. |
| **C) EXTINGUISHERS:** | |
| ➤ ABC type fire extinguisher capacity 6 Kg ISI | 2 NOS |

ABCD Solutions

| | |
|---|---|
| Fire Consultant: ABCD GROUP | |
| Project Name: Harsh Sushant Shah | |
| Client: | |
| Drawing Title: Fire Hydrant Layout | |
| Drawing by: | UD |
| Design by: | NILAY |
| Checked by: | JIMIT |
| Scale: | NTS |

Title -

Proposed construction work for Harsh Sushant Shah at, R.S. No - 28 Moje : Sisodra, Ta. & Dist. : Navsari.

| Owners Signature | Engineers Signature |
|---|---|

BIREN KANSARA ARCHITECTS CONSULTING STRUCTURAL ENGINEERS NAVSARI

TRADE = 0.28
RISER = 0.16
FLIGHT = 1.80
OUTER WALL = 0.16
INNER WALL = 0.11 & 0.10

Biren Kansara

Scanned by CamScanner

101

નં.ડી.પી./આરઇવી/એન.એ.રજી.૧૭૭/વશી/૫૩૫-૫૮ /૧૩
જિલ્લા પંચાયત કચેરી, (મહેસુલ શાખા)
નવસારી. તા. ૭/૧૦/૨૦૧૩

વાંચનમાં લીધુ :-

૧. જશુબેન મનુભાઇ પટેલ, રહે.આશાનગર સોસાયટી, નવસારીની મોજે સિસોદ્રા (ગ), તા.જિ.નવસારીના બ્લોક નં.૨૮ વાળી જમીનમાં રહેઠાણ મકાન બાંધકામના હેતુ માટે કાયમી ખેતી સિવાયની પરવાનગી મળવા બાબતની તા.૨૮/૩/૧૩ ની અરજી. તેમજ તા.૧૪/૮/૧૩ ની ફેરઅરજી.
૨. તા.વિ.અ.શ્રી, નવસારીના શેરા નં. તા.પં./એન.એ.રજી.૪૦/વશી/૪૪૧/૧૩ તા.૨૨/૪/૧૩.
૩. જિલ્લા પંચાયત નવસારીની તા.૨૧/૧૨/૨૦૧૦ ની ખાસ સામાન્ય સભાના ઠરાવ નં.૧૧ થી સુપ્રત થયેલ બીનખેતી પરવાનગીના અધિકારો.
૪. સરકારશ્રીના મહેસુલ વિભાગના જાહેરનામા ક્રમાંક નં.જીએચએમ-૨૦૦૮-૨૨-એમ-એલઆરઆર-૧૦-૨૦૦૨-૧૬૪૦(૧)-કે સચિવાલય ગાંધીનગર તા.૨૯/૩/૨૦૦૮.
૫. ગુજરાત સરકારનાં કાયદા વિભાગનાં અસાધારણ ગેઝેટ તા.૩૧/૦૩/૨૦૦૩ થી સુધારવામાં આવેલ બીનખેતી અંગેના રૂપાંતર કરના દરોની અમલવારી અનુસંધાને મહેસુલ વિભાગ ગુજરાત સરકાર ગાંધીનગર તરફથી બહાર પાડવામાં આવેલ પરિપત્ર ક્રમાંક/એલઆરસી/૧૦-૨૦૦૨/૧૬૪૦-ક તા. ૨૨/૦૪/૨૦૦૩.
૬. સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક બખપ/૧૦૦૬/૪૨૫/ક ગાંધીનગર તા.૧/૭/૨૦૦૮.
૭. કારોબારી અધ્યક્ષશ્રીની નોંધ ઉપરનો આદેશ તા.૧૦/૯/૧૩.
૮. જિ.પં. નવસારીની તા.૧૬/૯/૧૩ ની કારોબારી સમિતિમાં ઠરાવ નં.૨૮૩(૮) થી થયેલ નિર્ણય.

હુકમ :-

મોજે સિસોદ્રા (ગ), તા.જી.નવસારીના બ્લોક નં.૨૮ કુલ ક્ષેત્રફળ ૧૮૨૧.૦૦ ચો.મી. જમીનમાં આમુખ-૧ માં દર્શાવેલ અરજીથી જશુબેન મનુભાઇ પટેલ, રહે.આશાનગર સોસાયટી, નવસારીએ રહેઠાણ મકાન બાંધકામના હેતુ માટે કાયમી ખેતી સિવાયની પરવાનગીની માંગણી કરેલ છે.

અરજદારશ્રીની તા.૨૮/૩/૧૩ ની રહેઠાણના હેતુ માટેની ખેતી સિવાયની પરવાનગી મળવા બાબતની માંગણી અરજી અત્રેની કચેરીના તા.૨૬/૬/૧૩ ના હુકમથી નામંજુર કરવામાં આવેલ હતી. અરજદારશ્રીએ નામંજુરી હુકમમાં દર્શાવેલ ક્ષતિની પુર્તતા કરી તા.૧૪/૮/૧૩ ની ફેરઅરજીથી પરવાનગી મળવા માંગણી કરેલ છે.

પ્રશ્નવાળી જમીન ગામ રેકર્ડ ઉપર ૭/૧૨ મુજબ કબજેદાર તરીકે જશુબેન મનુભાઇ પટેલના નામે ચાલે છે. પ્રશ્નવાળી જમીન જુની શરતની છે. અરજદારશ્રી પ્રશ્નવાળી જમીન વેચાણ હકકથી ધારણ કરે છે. પ્રશ્નવાળી જમીન ઉપર કોઇ સરકારી લેણુ બાકી નથી. ત.ક.મંત્રી સિસોદ્રા (ગ) તરફથી આપવામાં આવેલ દાખલા મુજબ પ્રશ્નવાળી જમીન બાબતે સંપાદનની કોઇ કાર્યવાહી ચાલતી નથી. પ્રશ્નવાળી જમીન સ્થળે ખુલ્લી આવેલ છે. બીનખેતીનું કૃત્ય શરૂ કરવામાં આવેલ નથી. ગ્રા.પં. સિસોદ્રા (ગ) તરફથી બિનખેતીના કામે ઠરાવથી ના વાંધા પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

મોજે સિસોદ્રા (ગ), તા.જી.નવસારીના બ્લોક નં.૨૮ વાળી જમીનમાં પ્રકરણે સ.ઈ.તા.પં.નવસારી, તા.નવસારીએ ખાત્રી કરેલા નકશામાં કાળીલીટીથી બતાવેલ ૧૮૨૧.૦૦ ચો.મી. જમીનમાં કાયમી ખેતી સિવાયનો પ્લોટ બનાવી તેમાં લાલલીટીની આકૃતીથી બતાવેલ ૩૨૫.૫૦ ચો.મી. જમીનના નકશામાં આપેલ વિગત મુજબના રહેઠાણના હેતુ માટે બાંધકામ કરવાની જમીન મહેસુલ કાયદાની કલમ-૬૫(૧) અન્વયે કાયમી

VEDANT INFRA
PARTNER

પરવાનગી જશુબેન મનુભાઇ પટેલ, રહે.આશાનગર સોસાયટી, નવસારીને આ કામે વિશેષધારો રૂા.૧૮૩.૦૦ અંકે રૂપીયા એકસો ત્રયાંસી પુરા તથા લોકલ ફંડ શિક્ષણ ઉપકર તેમજ બીજા કરો લઈ નીચેની શરતોનું પાલન કરવાની શરતે આપવામાં આવે છે. સરકારશ્રીના આમુખ-૫ માં દર્શાવેલ જાહેરનામા મુજબ વિશેષધારાના દરો નકકી થયેલ છે. તે મુજબ સદરહુ ગામ વર્ગ ''સી'' માં પડતું હોવાથી ૦.૧૫ પૈસા દર ચો.મીટરે લેવા હુકમ કરવામાં આવે છે. સરકારશ્રીના તા.૧/૪/૨૦૦૩ થી અમલમાં આવેલ ખેતીની જમીનને બીનખેતીમાં ફેરવવાનો રૂપાંતર કર આ જમીનને લાગુ પડે છે ભરવાનો થતો રૂપાંતર કર રૂા.૩૬૪૨.૦૦ અંકે રૂપિયા ત્રણ હજાર છસો બેતાલીસ પુરા ચલન નં. ૨૫ તા.૨૮/૯/૧૩ થી સરકારશ્રીમાં ચલણથી મુખ્ય સદર ''૦૦૩૫ કૃષિ વિષયક જમીન સિવાયની સ્થાવર મિલકત પર કર '' ગૌણ સદર ૮૦૦ અન્ય પ્રાપ્તી રૂપાંતર કર સદરે અરજદારશ્રીએ ભરપાઈ કરી ચલન રજુ કરેલ છે.

અરજદારશ્રીની બિનખેતી પરવાનગી માંગણી સંદર્ભે અત્રેની કચેરી તરફથી માંગવામાં આવેલ સબંધીત ખાતાના નીચે દર્શાવ્યા મુજબના અભિપ્રાયો મળેલ છે.

૧. નગર નિયોજક નવસારીએ તેમના પત્ર ક્રમાંક નં.બીપી/નવસારી/ સિસોદ્રા (ગ)/૩૫૬ તા.૨૨/૩/૧૩ થી જણાવ્યા મુજબ પ્રશ્નવાળી જમીનના લે-આઉટ પ્લાનમાં દર્શાવેલ સબ પ્લોટ ટાઇપના રહેણાંકના મકાન માટે ૧(એક) બિલ્ડીંગમાં ગ્રા.ફલોરનુ ક્ષેત્રફળ ૮૧.૩૭ ચો.મી. + ફર્સ્ટ ફલોરનુ ક્ષેત્રફળ ૮૧.૩૭ ચો.મી. + સ્ટેર કેબીનનુ ક્ષેત્રફળ ૧૯.૪૦ ચો.મી. = ૧૮૨.૧૫ ચો.મી. × ૪ (યુનીટ) = ૭૨૮.૬૦ ચો.મી. બાંધકામ / એફ.એસ.આઇ. પુરતી જ વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

૨. તા.વિ.અ.શ્રી, નવસારીના શેરા નં. તા.પં./એન.એ.રજી.૪૦/વશી/૪૪૧/૧૩ તા.૨૨/૪/૧૩ થી પરવાનગી આપવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

૩. નાયબ કલેકટરશ્રી નવસારીએ તેમના પત્ર નં.એલએનડી/એનએ/રજી.નં.૫૦/૧૩/વશી/૭૯૯/૧૩ તા.૩/૫/૧૩ થી પ્રશ્નવાળી જમીન જાહેર હેતુ માટે સંપાદન કરવાની કોઇ કાર્યવાહી ચાલતી ન હોવાનુ તેમજ જમીનનુ ટાઇટલ કલીયર હોવાનુ જણાવેલ છે.

૪. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિ.પં. નવસારીએ તેમના પત્ર નં.એસ.એ.એન/એસટી/એન.એ. સર્ટી/૪૭૩૨/૧૩ તા.૧૫/૪/૧૩ થી શરતોને આધિન પરવાનગી આપવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

૫. પ્રશ્નવાળી જમીન ઉપરથી કોઇ ઇલેકટ્રીક લાઇન પસાર થતી ન હોવાનુ કા.ઇ.શ્રી (સં અને નિ.) દ.ગુ. વિ.કં.લી., (ગ્રામ્ય) વિભાગીય કચેરી, નવસારીએ તેમના પત્ર નં.ઇઇએન/ટેક/ડીઆરજી/૦૪૩૭૫ તા.૧૫/૫/૧૩ થી જણાવેલ છે.

૬. કા.ઇ.શ્રી મા-મ વિભાગ, નવસારીએ તેમના પત્ર નં.સીબી/એમ/૧૨૩૬ તા.૧૬/૪/૧૩ થી પરવાનગી આપવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

૭. કા.ઇ.શ્રી ડ્રેનેજ વિભાગ, નવસારીએ તેમના પત્ર નં.ડીડીએન/પીબી/બિનખેતી/ સિસોદ્રા/૧૧૧૧ તા.૨૫/૪/૧૩ થી પરવાનગી આપવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

૮. જનરલ મેનેજરશ્રી (જમીન), જી.આઇ.ડી.સી., ગાંધીનગરએ તેમના પત્ર નં.જીઆઇડીસી/જમન/બી.પી./ સીસોદ્રા/૧૫૭૪ તા.૨/૮/૧૩ થી પરવાનગી આપવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

VEDANT INFRA

PARTNER

102

ઉપરોક્ત તમામ વિગતે અરજદાર જશુબેન મનુભાઇ પટેલ, રહે.આશાનગર સોસાયટી, નવસારીને તેઓની માલીકીની મોજે સિસોદ્રા (ગ), તા.જલાલપોર, જી.નવસારીના બ્લોક નં.૨૮ ના કુલ ક્ષેત્રફળ ૧૮૨૧.૦૦ ચો.મી. જમીનમાં રહેઠાણ મકાનના હેતુસર નીચેની શરતોને આધીન ખેતી સિવાયનો ઉપયોગ કરવા માટે કાયમી ખેતી સિવાયની પરવાનગી આપવા હુકમ કરવામાં આવે છે.

**શરતો :-**

૧/- સ.ઇ.તા.પં.નવસારી, તા.નવસારીએ ખાત્રી કરેલા નકશામાં કાળીલીટીથી બતાવેલ ૧૮૨૧.૦૦ ચો.મી. જમીનમાં કાયમી ખેતી સિવાયનો પ્લોટ બનાવી તેમાં લાલલીટીની આકૃતિથી બતાવેલ ગ્રા.ફ્લોર ઉપર કુલ ૩૨૫.૫૦ ચો.મી. થી વધુ જમીનમાં બાંધકામ કરવું નહી તેમજ બાકીની તમામ જમીન આકાશ તરફ ખુલ્લી રાખવી.

૨/- જિલ્લા વિકાસ અધિકારીશ્રીની અગાઉથી પરવાનગી મેળવ્યા સિવાય મંજુર કરેલ ખેતી સિવાયના પ્લોટમાં કોઈ પણ જાતનો વધારો અગર બીજા ફેરફાર કરવો નહી તેમજ વધારાનું બાંધકામ પણ કરવું નહીં.

૩/- લેન્ડ રેવન્યું કોડની કલમ-૪૮ હેઠળ જિલ્લા વિકાસ અધિકારીશ્રીની અગાઉથી લેખિત પરવાનગી મેળવ્યા સિવાય મજકુર જમીનનો તથા બાંધકામનો રહેઠાણના હેતુ સિવાયના હેતુઓ માટે ઉપયોગ કરવા સારૂ મનાઈ ફરમાવવામાં આવે છે.

૪/- આ હુકમ થયાની તારીખથી છ માસમાં ખેતી સિવાયનું કૃત્ય શરૂ કરવું પડશે નહી તો છ માસની મુદત પુરી થયેથી આપવામાં આવેલ પરવાનગી અન્વયે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૫/- મંજુર કરેલ નકશાના પ્લાન મુજબ અવરોધ ન બને તે રીતે ખુલ્લી જગ્યામાં વૃક્ષારોપણ કરવાનુ રહેશે.

૬/- પ્રશ્નવાળી જમીનના નકશાની તાંત્રીક ચકાસણી કરી નગર નિયોજકશ્રી નવસારીએ તેમના તા.૨૨/૩/૧૩ ના પત્રથી શરતોને આધિન રહીને નકશા મંજુર કરવા ભલામણ કરેલ છે. નગર નિયોજકશ્રી, નવસારીના તા.૨૨/૩/૧૩ ના પત્રમાં જણાવેલ નીચેની શરતોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧. નકશામાં દર્શાવ્યા મુજબના માપો તથા માર્જીન સ્થળે જાળવવાના રહેશે.
૨. નકશામાં દર્શાવ્યા સિવાયનું વધારાનું બાંધકામ કરતા પહેલા તેના નકશા મંજુર કરાવવાના રહેશે.
૩. પ્રાથમિક સુવિધાઓ જેવીકે ગટર લાઈન, ખાળકુવો, વીજળી, વરસાદી પાણીનો નિકાલ વિગેરે સુવિધાઓ અરજદારશ્રીએ પુરી પાડવાની રહેશે.
૪. લે-આઉટ પ્લાનમાં દર્શાવેલ માર્જીન તથા ખુલ્લી જગ્યાઓ સ્થળ ઉપર છોડવાની રહેશે.
૫. સવાલવાળી જમીનમાં બાંધકામની પરવાનગી બાબતે સ્થાનિક સંસ્થાની મંજુરી મેળવી લેવાની રહેશે.
૬. પ્રશ્નવાળી જમીનમાં આયોજન કરેલ સુચીત બાંધકામ શરૂ કરતા પહેલા સ્થાનિક સંસ્થા સમક્ષ સોઇલ ટેસ્ટીંગ અને સ્ટ્રકચરલ સ્ટેબીલીટી અંગેની ડીઝાઇન રજુ કરવાની રહેશે.
૭. ભુકંપ વાવાઝોડા જેવી કુદરતી આપત્તિઓ સામે રક્ષણ મળે તે હેતુથી નેશનલ બિલ્ડીંગ કોડ ઓફ ઈન્ડીયા-૨૦૦૫ ના ધોરણ મુજબ બાંધકામ અને સ્ટ્રકચરલમાં સેફટીના ધોરણ જાળવવાના રહેશે.
૮. સરકારશ્રીના તા.૨૮/૨/૦૩ ના વરસાદી પાણીના ભુર્ગભ વહન / સંચય માટે દર મકાન/ બહુમાળી મકાન (નકશા મંજુર કરવાની સતા ધરાવતા સતા તંત્રએ આપેલ મંજુરી મુજબ) દીઠ એકના દરે પરકોલેટીંગ બોરવેલની વ્યવસ્થા અચુક કરવાની રહેશે.

VEDANT INFRA

PARTNER



E:\My Documents\October-13\NA HUKAM sisodra.doc

૯. લે-આઉટ પ્લાનમાં આયોજન કરેલ આંતરીક રસ્તાની જમીન કાયમી ખુલ્લી રાખવાની રહેશે. તેમજ હરાજીથી બક્ષીસથી કે અન્ય કોઈપણ રીતે વેચાણ કે તબદીલ થઇ શકશે નહી.

૧૦.સવાલવાળી જમીનમાં કોઈપણ કોર્ટમાં વાદ/વિવાદ કે દાવા/અરજી હોય તો જે તે નિર્ણયને આધિન તેમજ તમામને બંધનકર્તા રહેશે.

૭/- કબજેદારે ખેતી સિવાયનું કૃત્ય શરૂ કર્યાની તારીખથી એક માસમાં ગ્રામ પંચાયત અધિ. (તલાટી કમ મંત્રી) મારફતે કૃત્ય શરૂ કર્યાની લેખિત ખબર તાલુકા વિકાસ અધિકારીશ્રીને આપવી પડશે જો તેમ કરવામા તેઓ કસુર કરશે તો ખેતી સિવાયનો ધારો ઉપરાંત દંડ ભરવાને પાત્ર રહેશે.

૮/- મંજુર કરેલ બીલ્ડીંગ પ્લાનમાં જણાવ્યા મુજબ જ સક્ષમ સત્તાધિકારી પાસેથી બાંધકામ મંજુર કરાવવાના રહેશે.

૯/- બાંધકામ શરૂ કરતાં પહેલા સબંધિત નગર પંચાયત/ગ્રામ પંચાયતની પંચાયત ધારા મુજબની પરવાનગી લેવાની રહેશે.

૧૦/- કબજેદારે ખેતી સિવાયનુ કૃત્ય શરૂ કર્યા બાદ એક માસની અંદર તેમજ રહેઠાણ અંગેનુ બાંધકામ પુરૂ થયેથી એક માસની અંદર તે અંગેની જાણ તાલુકા વિકાસ અધિકારીશ્રી મારફત અત્રેની કચેરીને કરવાની રહેશે.

૧૧/- કબજેદારે ખેતી સિવાયનુ કૃત્ય કર્યાની તારીખથી પરંતુ અપીલ મુદત વીત્યા બાદ બે માસની મુદતમાં નમુના એમ માં હુકમમાં જણાવેલ તમામ શરતો સહીતની સનદો કરી આપવી પડશે. અને આ પરવાનગી સનદમાં જણાવેલ શરતોને આધિન રહેશે.

૧૨/- પ્રશ્નવાળી જમીનમાં અવર જવર અંગે જમીનને લાગુ આવેલ સીસોદ્રા ઉગત મહુવા માર્ગ ઉપરથી પ્રવેશ દર્શાવેલ છે. સદર ગ્રામ્ય માર્ગની મધ્યરેખાથી સુચિત બાંધકામ ૨૪.૦૦ મી. ના અંતરે દર્શાવેલ છે. સદરહુ ૨૪.૦૦ મી. માર્જીનવાળી જમીન હંમેશ ખુલ્લી રાખવાની રહેશે.

૧૩/- અન્ય કાયદા મુજબ લેવા પાત્ર પરવાનગી અરજદારે સબંધિત ખાતા પાસેથી અલાયદી મેળવવાની રહેશે.

૧૪/- અરજદારે માપણી ફીની રકમ રૂા.૧૨૦૦/- ચલન નં.૩૮ તા.૨૯/૯/૧૩ થી સરકારશ્રીમાં ૦૦૨૯ એલ.આર., ૧૦૬ મોજણી અને જમાબંધી સદરે જમા કરાવેલ છે. જે મુજબ ડી.આઇ.એલ.આર. જલાલપોર મારફતે માપણી કરાવી લેવાની રહેશે. અને માપણી થયેથી ક્ષેત્રફળમાં વધ ઘટ થશે તો તે પ્રમાણે સ્થળે અમલ કરવાનો રહેશે.

૧૫/- સવાલવાળી જમીનના જમીન માલીક પોતાની હદમાં કંપાઉન્ડ વોલ બનાવવા માંગે તો તેની જમીનના તળથી ઉંચાઇ ૧.૮૫ મી. થી વધુ હોવી જોઇએ નહી.ભવિષ્યમાં સરકારશ્રીને માર્ગના કોઇપણ કામ માટે જમીનની જરૂર પડે તો આ દિવાલ વિના વળતરે જમીન માલીકે પોતાના ખર્ચ અને જોખમે દૂર કરાવાની રહેશે.

૧૬/- સવાલવાળી જમીનમાં એકત્રીત થનાર ઘન કચરાના નિકાલની વ્યવસ્થા અરજદારશ્રી/ જમીનનો કબજો ભોગવટો ધારણ કરનારે સ્વ ખર્ચે કરવાનો રહેશે.

૧૭/- આ હુકમ થયાની તારીખથી ત્રણ વર્ષમાં બાંધકામ પુરુ કરવું પડશે.

૧૮/- બાંધકામ કરતી વખતે સલામતી જોખમાય નહી તથા ધરતીકંપ પ્રતિરોધક જોગવાઇઓના પાલન માટે સ્ટ્રકચરલ ઇજનેરશ્રી કન્સલટન્ટ પાસેથી મેળવી રજુ કરેલ પ્રમાણપત્રમાં જણાવેલ શરતોનુ પાલન કરવાનુ રહેશે.

૧૯/- નકશા પ્લાનમાં જણાવેલ મકાનોનુ બાંધકામ બિલ્ડીંગ કન્ડકટ કોડને આધીન નિયમોનુસાર કરવાનુ રહેશે.

VEDANT INFRA

VEDANT INFRA

PARTNER

PARTNER

૩૨૦

103

૨૦/- સુચિત જમીનમાંથી ગેસ લાઇન કે અન્ય કોઇ લાઇન પસાર થતી હશે તો નિયમોને આધીન રહી જગ્યા છોડી બાંધકામ કરવાનુ રહેશે. અને જે તે વિભાગની પુર્વ મંજુરી મેળવવાની રહેશે.

૨૧/- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી નવસારીના તા.૧૫/૪/૧૩ ના પત્રમાં નીચે જણાવેલ શરતોનુ પાલન કરવાનુ રહેશે.

૧. પ્લાનમાં દર્શાવ્યા મુજબના સંડાસના ખાડકુવા તેમજ પાકી ગટરની પોતે વ્યવસ્થા કરવાની શરતે.
૨. જમીનનુ રોડ લેવલનુ પુરાણ કરીને જમીનને સમતલ કરવાની શરતે.
૩. વરસાદી પાણીનો નિકાલ અને જાહેર ગંદુ પાણીના નિકાલની પાકી ગટરની વ્યવસ્થા કરવાની શરતે.
૪. પીવાના પાણીની પાઇપ લાઇન, લાઇટ, ટેલીફોન અને રોડની વિગેરેની પોતે વ્યવસ્થા કરવાની શરતે.
૫. ભવિષ્યમાં જાહેર આરોગ્ય ને હાનિકર્તા પ્રદુષણ કે ગંદકી નો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે તુરંત દુર કરવાની શરતે.
૬. જાહેર રસ્તા તેમજ જાહેર સંસ્થાથી નિયમ મુજબની જગ્યા છોડીને.

૨૨/- કા.ઇ.શ્રી ડ્રેનેજ વિભાગ, નવસારીએ તા.૨૫/૪/૧૩ ના પત્રથી સદર જમીનમાંથી કોઇ ડ્રેઇન પસાર થતી ન હોવાનુ જણાવેલ છે.તેમજ ચોમાસા દરમ્યાન પાણીનો ભરાવો ન થાય અને પુરની પરિસ્થિતીમાં પણ પાણીનો નિકાલ યોગ્ય રીતે થાય તે અંગે આપના તરફથી કા.ઇ.શ્રી ડ્રેનેજ, નવસારીની કચેરીમાં રૂા.૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર આપવામાં આવેલ બાંહેધરીમાં જણાવેલ ૧ થી ૧૫ શરતોનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

૨૩/- કા.ઇ.શ્રી નવસારી (મા-મ) વિભાગ, નવસારીએ તેમના તા.૧૬/૪/૧૩ ના પત્રમાં નીચે જણાવેલ શરતોનુ પાલન કરવાનુ રહેશે.

૧. સુચિત બ્લોક નં.ની જમીન સીસોદ્રા -ઉગત-મહુવા રોડ કિ.મી. ૦/૫ થી ૧/૨ રસ્તાની ડાબી બાજુએ આવેલ છે. સરકારશ્રીના ઠરાવ નં.જપવ/૧૦૭૯/૨૦૬૪/ડ તા.૧૭/૭/૮૦ મુજબ રસ્તાના મધ્યબિંદુથી ૨૪.૦૦ મી. હોય રહેઠાણના હેતુસર બાંધકામ કરવામાં આવે તો વાંધા સરખુ નથી.
૨. સરકારશ્રીના ઠરાવ નં.જપવ/૧૦૭૯/૨૦૬૪/ડ તા.૧૭/૭/૮૦ ના અનુસંધાને રસ્તાના મધ્યબિંદુથી રહેઠાણના હેતુસર બાંધકામ ૨૪.૦૦ મી. દુર નકશામાં દર્શાવ્યા મુજબ કરવાનુ રહેશે. તેની અંદરનુ બાંધકામ ગેરકાયદેસર ગણી અરજદારશ્રીના ખર્ચ અને જોખમે તોડી પાડવામાં આવશે.
૩. અરજદારશ્રીએ બાંધકામ શરૂ કરતા પહેલા સરકારશ્રીના ઠરાવ ક્રમાંક ૧૦૯૮/૧ સ તા.૧૯/૪/૮૧ થી આપેલ સુચના મુજબ સબંધિત વિભાગની રજાચિઠ્ઠી/ પ્રમાણપત્ર મેળવ્યા બાદ જ બાંધકામ શરૂ કરવાનુ રહેશે.
૪. સુચિત સર્વે નંબર/ બ્લોક નંબરની જમીનમાં અવર જવર માટે એપ્રોચ રોડની પુર્વ મંજુરી અરજદારશ્રીએ અલાયદી મેળવવાની રહેશે. જે માટે જરૂરી ડીપોઝીટ, ભાડુ, કરારનામુ કરી પુર્વ પરવાનગી મેળવ્યા બાદ જ એપ્રોચ રોડનુ બાંધકામ કરવાનુ રહેશે.
૫. સુચિત સર્વે નંબર/ બ્લોક નંબરની જમીન રાજયધોરી માર્ગને લાગુ આવેલ હોય ભવિષ્યમાં સરકારશ્રીના જાહેર હિતમાં રસ્તાના વિકાસના કામે અથવા અન્ય કારણોસર જરૂર પડે તો સદર જરૂરીયાત મુજબ હિતમાં રસ્તાના વિકાસના કામે અથવા અન્ય કારણોસર જરૂર પડે તો સદર જરૂરીયાત મુજબની જમીનનો કબજો કોઇપણ પ્રકારના દાબ-દબાણ, હકક દાવા કે કોર્ટકેસ કર્યા સિવાય તથા અન્ય કોઇપણ કાર્યવાહી કર્યા સિવાય જરૂરીયાત મુજબની જમીન સરકારશ્રીને સુપ્રત કરવાની રહેશે.

VEDANT INFRA
PARTNER

૬. નકશામાં દર્શાવ્યા મુજબ કોમન ઓપન પ્લોટ (સી.ઓ.પી.) માં કોઈપણ જાતનુ બાંધકામ કરવાનુ રહેશે નહી.
૭. સરકારશ્રીના જમીનપટ્ટી વિકાસના નિયમોમાં વખતો વખતના સુધારાને અનુસરવાનુ રહેશે.
૮. જે હેતુ માટે ના-વાંધા અભિપ્રાય માંગવામાં આવેલ છે.તે સિવાય અન્ય હેતુ માટે આ ના-વાંધા અભિપ્રાય આપોઆપ રદ ગણાશે.
૯. સદર જમીન પર બાંધકામ કરતા સરકારી / ખાનગી, દ્રશ્ય/ અદ્રશ્ય માલ - મિલકતોને કોઈપણ જાતનુ નુકશાન કે જાનહાની થાય તો તે અંગેની સંપુર્ણ જવાબદારી અરજદારશ્રીની રહેશે.
૧૦. બાંધકામ શરૂ કરતા પહેલા આ વિભાગ હેઠળના સબંધિત નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીની હાજરીમાં અંતર અંગેની ખરાઈ કર્યા બાદ જ બાંધકામ શરૂ કરવાનુ રહેશે.
૧૧. વરસાદી પાણીનો યોગ્ય નિકાલ કરવાનો રહેશે.
૧૨. સદર પ્લોટમાં ખાડી કે કોતર જતી હોય તો તેને હયાત રાખવાની રહેશે.

૨૪/- જનરલ મેનેજર (જમીન) જી.આઇ.ડી.સી. ગાંધીનગરે તા.૨/૮/૧૩ ના પત્રથી નીચે જણાવેલ શરતોનુ પાલન કરવા જણાવેલ છે.
૧. ગુજરાત વિદ્યુત બોર્ડ અથવા અન્ય કોઇ વિદ્યુત ઉત્પાદક સંસ્થા પાસેથી જી.આઇ.ડી.સી. ની કોઇ વસાહતના સબ સ્ટેશન અથવા વસાહતને વિદ્યુત પુરવઠો પુરી પાડતી વીજરેખા ફીડરમાંથી વીજળી જોડાણ મેળવવાનો હકક પ્રાપ્ત થતો નથી.
૨. જી.આઇ.ડી.સી.ના રસ્તા વાપરવાનો હકક પ્રાપ્ત થતો નથી.

૨૫/- પ્રશ્નવાળી જમીનમાં બાંધકામ કરતી વેળાએ સલામતી જોખમાય નહી તથા ધરતીકંપ પ્રતિરોધક જોગવાઈઓના પાલન માટે આર્કિટેકશ્રીએ પ્રમાણપત્ર આપેલ છે તે મુજબનો અમલ કરવાનો રહેશે.

૨૬/- પ્રશ્નવાળી જમીનમાં બાંધકામ અંગે રૂા.૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર રજુ કરેલ બાંહેધરીમાં જણાવેલ શરતોનુ પાલન કરવાનુ રહેશે.

૨૭/- પ્રશ્નવાળી જમીનના લે-આઉટ પ્લાનમાં નકશામાં દર્શાવ્યા મુજબ જમીનની આજુબાજુ લાગુ હદથી અંતર છોડી બાંધકામ કરવાનુ હોવાથી લાગુ હદથી દર્શાવેલ માર્જીનવાળી જમીન વેચાણથી કે અન્ય કોઈપણ રીતે તબદીલ થઇ શકશે નહી.

૨૮/- પ્રશ્નવાળી જમીનમાંથી ભવિષ્યમાં જમીન સંપાદન કરવાની થાય ત્યારે જોઇતી જરૂરીયાતની જમીન સબંધિત ખાતાને સુપ્રત કરવાની રહેશે. તથા બાંધકામ ખાતાની સુચના મુજબ પોતાના ખર્ચે અને જોખમે હટાવવાનુ રહેશે

૨૯/- સબંધિત વિસ્તાર માટેના વખતો વખતના બાંધકામના નિયમ વિનિયમો, પેટા નિયમોનુ પરિપાલન થાય તે પ્રમાણેના રહેણાંકના મકાનના બાંધકામના પ્લાન તૈયાર કરીને તે વિસ્તારના સક્ષમ અધિકારી પાસે થી મંજુર કરાવીને તથા બાંધકામના પ્લાન અનુસાર બાંધકામ કરવાની પરવાનગી રજા ચિઠ્ઠી મેળવી લીધા બાદ રહેણાંકના મકાનના બાંધકામને લગતુ ચણતર તેમજ અન્ય આનુષાંગિક કામકાજ હાથ ધરી શકાશે.

૩૦/- મંજુર કરાયેલ બાંધકામના પ્લાન મુજબનુ બાંધકામ પુર્ણ થયેલ હોવાની અથવા તો ચાલુ બાંધકામમાં બાંધકામના પ્લાનમાં કરાયેલ સુધારા વધારા અંગે લેખિત જાણ સબંધિત સક્ષમ અધિકારીને બાંધકામ પુર્ણ થયા બાદ ૧ માસની અંદર કરીને બાંધકામની પુર્ણતાનુ પ્રમાણપત્ર (કમ્પ્લીશન સર્ટીફિકેટ) જે તે વિસ્તાર માટેના સક્ષમ અધિકારીનુ મેળવી લેવાનુ રહેશે. એટલે કે વિસ્તાર વિકાસ સત્તા મંડળ દ્વારા આ હેતુ માટે અધિકૃત કરાયેલ અધિકારીનુ અને જે વિસ્તારમાં વિસ્તાર વિકાસ સત્તા મંડળ અસ્તિત્વમાં હોય નહી તેવા

VEDANT INFRA

PARTNER

વિસ્તારમાં સબંધિત ગ્રામ પંચાયતની ઉપર જણાવ્યા પ્રમાણેની રજા ચિઠ્ઠી તથા પુર્તતાનુ પ્રમાણપત્ર મેળવવાનુ રહેશે.

૩૧/- ઉપરોકત તમામ શરતો તથા સામેલ પરિશિષ્ટ-૪ માં જણાવેલ શરતોને આધિન આ મંજુરી આપવામાં આવે છે. તેમા જણાવેલ શરતો પૈકી કોઇ શરતનો ભંગ કરશેતો જિલ્લા વિકાસ અધિકારીશ્રી નવસારી તેઓને ફરમાવવુ યોગ્ય લાગે તે મુજબ ફરમાવી શકશે અને સંપુર્ણ પાલન કરવા કબજેદારશ્રી બંધાયેલા રહેશે તેમજ કોઇપણ શરતનો ભંગ થયેથી આપવામાં આવેલ પરવાનગી રદ કરવામાં આવશે અને કબજેદારને સદરહુ જમીન ઉપરથી કોઇપણ પ્રકારનુ વળતર આપ્યા સિવાય સંક્ષિપ્ત રીતે દૂર કરવામાં આવશે.

**શિક્ષાત્મક કલમ :-**

(અ) અરજદાર ઉપરોકત કોઈપણ શરતોનો ભંગ કરેતો જિલ્લા વિકાસ અધિકારીશ્રી સદરહું કાયદાથી ઠરાવો અન્વયે અરજદાર કે કોઈપણ બીજી શિક્ષાને પાત્ર હોય તો તેને બાધ આવ્યા સિવાય તેને ફરમાવવુ યોગ્ય લાગેતો તે પ્રમાણે દંડ અથવા આકાર લઈ સદરહું જમીનનો કબજો અરજદાર પાસે ચાલુ રહેવા દઈ શકાશે.

(બ) ઉપરની પેટા કલમ -અ માં ગમે તે મજકુર હોય તો તેમ છતાં પણ જિલ્લા વિકાસ અધિકારીશ્રી સદરહું પરવાનગી વિરૂધ્ધ થયેલ અથવા વપરાતા કોઈપણ મકાન અથવા ઈમલાને જિલ્લા વિકાસ અધિકારી શ્રીએ આ અર્થે જે મુદત ઠરાવી હોય તે મુદત દરમ્યાન ખસેડવા અથવા તેમાં ફેરફાર કરવાનું ફરમાવે તો તે કાયદેસર ગણાશે અને ઠરાવેલી મુદત દરમ્યાન કેવી રીતે ખસેડવા અથવા તેમાં ફેરફાર કરવામાં ન આવે તો જિલ્લા વિકાસ અધિકારીશ્રી તેમ કરવાની અને તેમ કરવામાં જે ખર્ચ થાય તે અરજદાર પાસેથી જમીન મહેસુલની બાકી તરીકે વસુલ કરવાને મુખત્યાર છે.

| ગામ નું નામ | બ્લોક નં. | બીનખેતી વિસ્તાર ચો.મી. | વિશેષધારા ની રકમ રૂ. | રૂપાંતર કરની રકમ રૂા. | લોકલ ફંડની રકમ (રૂા.) | શિક્ષણ ઉપકરની રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|---|
| સિસોદ્રા (ગ) | ૨૮ | ૧૮૨૧.૦૦ ચો.મી. | ૧૮૩.૦૦ (અંકે રૂપીયા એકસો ત્ર્યાંસી પુરા) | ૩૬૪૨.૦૦ (અંકે રૂપીયા ત્રણ હજાર છસો બેતાલીસ પુરા) | ૩૬૬.૦૦ (અંકે રૂપીયા ત્રણસો છાંસઠ પુરા) | ૪૬.૦૦ (અંકે રૂપીયા છેતાલીસ પુરા) |

TRUE COPY
Deputy District Development Officer
Navsari.

૫/૧૦/૧૩
જિલ્લા વિકાસ અધિકારી
જિલ્લા પંચાયત નવસારી

પ્રતિ,
જશુબેન મનુભાઇ પટેલ,
રહે.આશાનગર સોસાયટી,
નવસારી

૨/- મંજુર કરેલ નકશો સામેલ છે.

VEDANT INFRA
PARTNER

નકલ કામના કાગળોસહ રવાના :- તાલુકા વિકાસ અધિકારીશ્રી, નવસારી

૨/- તાલુકાના નમુના નં.૨ અને ૪ માં નોંધ કરવા સારું તથા વિશેષધારો નકકી થયેલ છે તે મુજબ ઉપજપત્રક તૈયાર કરી વસુલાત કરવા સારું તેમજ સનદ તૈયાર કરી રજુ કરવાની રહેશે.

૩/- નકશાની ઝેરોક્ષ નકલ સામેલ છે.

નકલ રવાના :- ડીસ્ટ્રીકટ ઈન્સ્પેકટર લેન્ડ રેકર્ડ વલસાડ મુ. નવસારી તરફ.

૨/- નકશા સાથે નિયમ મુજબની માપણી કરવા સારું. માપણી ફી અંગેનુ ચલન નં. ૩૯ રૂ.૧૨૦૦/- તા.૨૮/૯/૧૩ નુ સામેલ છે.

નકલ જયભારતસહ રવાના :-કલેકટરશ્રી, નવસારી તરફ

નકલ જયભારતસહ રવાના :-નગર નિયોજકશ્રી, બીજા માળે, કૈલાસ ટાવર, (કસ્તુરી કો.ઓ.હા.સો.) મદ્રેસા સ્કુલની સામે, સયાજી રોડ, નવસારી

નકલ રવાના :- તલાટી કમ મંત્રી સિસોદ્રા (ગ), તા.જી.નવસારી તરફ મંજુર કરેલ નકશા સાથે

૨/- ગામના નમુના નં. ૨,૪,૬,૭/૧૨ તથા ૮/અ અને ૮/બ માં નોંધ કરી તેના આધારસહ અત્રેને જાણ કરવા સારૂ તથા ભવિષ્યમાં કબજેદારશ્રી દ્વારા રીવાઈઝ નકશા નગર નિયોજકશ્રી દ્વારા મંજુર કરાવીને અગર મંજુર કરાવ્યા વિના રજુ થાય તેવા કિસ્સામાં અત્રેની પુર્વ મંજુરી વિના તમારા તરફથી તેવા નકશા મંજુર ન થાય તેની તકેદારી રાખવા સારૂ.

નકલ જયભારતસહ રવાના :- નાયબ કલેકટરશ્રી, નવસારી તરફ

નકલ જયભારતસહ રવાના :- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિ.પં. નવસારી તરફ

નકલ જયભારતસહ રવાનાઃ- કા.ઈ.શ્રી, ડ્રેનેજ વિભાગ, નવસારી તરફ

નકલ જયભારતસહ રવાનાઃ- કા.ઈ.શ્રી, દ.ગુ.વિ.કં., સિસોદ્રા (ગ), નવસારી તરફ

નકલ જયભારતસહ રવાનાઃ- કા.ઈ.શ્રી, મા-મ વિભાગ, નવસારી તરફ

નકલ જયભારતસહ રવાનાઃ- જનરલ મેનેજરશ્રી (જમીન), ગુજરાત ઔદ્યોગીક વિકાસ નિગમ, ઉદ્યોગ ભવન, બ્લોક નં.૩,૪,૫, બીજો માળ, સેકટર - ૧૧, ગાંધીનગર તરફ

નકલ જયભારતસહ રવાના :- મામલતદારશ્રી નવસારી (ગ્રામ્ય) તરફ

૨/- ઈ-ધરા કેન્દ્રમાં હુકમની નોંધ કરી નોંધની નકલ મોકલવા સારૂ.

VEDANT INFRA

PARTNER

VEDANT INFRA

PARTNER

33 105

## પરિશિષ્ટ–૪

મોજે સિસોદ્રા (ગ), તા.જી.નવસારીના બ્લોક નં.૨૮ વાળી જમીનમાં બીનખેતી પરવાનગી બાબતે સરકારશ્રીનામહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક/બખપ/૧૦૦૬/૪૨૫/ક/ તા. ૧/૦૭/૨૦૦૮ ના અનુસંધાને પાલન કરવાની થતી શરતો.

---

(૧) ડીસ્ટ્રીકટ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડસ ધ્વારા ઈસ્યુ કરાયેલ માપણી શીટ કે જેના ઉપર મૂળજ્ઞ ટિપ્પણની હદ પણ દર્શાવેલ હોવી જોઈએ. રજૂ કરાયેલ પ્લાન તથા લે–આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજૂર કરાવેલ હોવો જોઈશે.

(૨) બાંધકામ શરૂ કરતાં પહેલા બાંધકામના નકશા સક્ષમ અધિકારી પાસે મંજૂર કરાવવાના રહેશે, પરંતુ અરજદાર બિનખેતી પરવાનગી મેળવ્યા વગર આવા બાંધકામની રજા ચીઠ્ઠી મેળવી શકશે નહી.

(૩) શહેરી વિસ્તાર જયાં ટાઉન પ્લાનીગ સ્કીમ મંજૂર થઈ ગઈ છે ત્યાં જી.ડી.સી. આર. અને ઝોનીગના નિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.

(૪) મંજૂર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ ગંદા પાણીના નિકાલની જોગવાઈ કરવાની રહેશે.

(૫) અરજદારે રીબન ડેવલપમેન્ટ રૂલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઈ રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે અન્યથાં અરજદારની જવાબદારી થશે.

(૬) ઔદ્યોગિક હેતુ માટે મંજૂરી માંગેલ હોય તો બાંધકામ કરતાં પહેલા જિલ્લા ઉદ્યોગ અધિકારીની જરૂરી મંજૂરી મેળવ્યા બાદ જ આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૭) ફલોર મીલ, સિનેમા/ટુરીગ સિનેમા/ થીયેટર માટે બિનખેતી પરવાનગીના કામે જિલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૮) પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, સી.એન.જી., એલ.પી.જી. પંપ નાંખવા માટે બિનખેતી પરવાનગીના કામે બાંધકામ શરૂ કરતાં પહેલા જિલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૯) ઈન્ડીયન એક્ષપ્લોઝીવ એકટ અન્વયે મેંગેનીઝ, ફાયરવર્કસ, દારૂખાના માટે બિનખેતીની કાર્યવાહી કરતાં પહેલા જિલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૧૦) સવાલવાળી જમીન જો જેલથી નજીક હોય તો ૧૮૪ મીટરનું અંતર છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૧૧) સવાલવાળી જમીન જો રેલ્વે હદની નજીક હોય તો રેલ્વેની હદથી ૩૦ મીટર જગ્યા છોડીબાંધકામ કરવાનું રહેશે.

(૧૨) સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુમાંથી વિજળી ગ્રીડના તાર/ હાઈટેન્શન પાવર અગર થાંભલા આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવા અને તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.

(૧૩) બિનખેતી માંગવામાં આવી હોય તેવી જમીન જો એરોડ્રામ આસપાસના ૨૦ કી.મી. ની ત્રિજયામાં આવતી હોય ત્યારે બાંધકામની ઉંચાઈ તથા એરોડ્રામની દ્રષ્ટિએ જરૂરી એવું 'ના વાંધા પ્રમાણપત્ર'

VEDANT INFRA
PARTNER

સીવીલ એવીએશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે અને સીવીલ એવીએશન ખાતાના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૪) ભારતીય વાયુસેનાના હવાઈ મથક તથા ઈન્સ્ટોલેશનથી ૯૦૦ મીટરની ત્રિજયા બહાર બાંધકામ કરવાનું રહેશે.

(૧૫) ઓ.એન.જી.સી.ના કુવા નજીકમાં આવેલ જમીનના કિસ્સામાં અરજદારે સંબંધિત નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૬) નર્મદા કેનાલ/અન્ય સિંચાઇ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સૂચિત બાંધકામ માટે જાળવવાના થતાં અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૭) અરજદારે/જયાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (PROTECTED MONUMENTS) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી ૧૦૦ મીટર સુધીનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૮) અરજદારે/જયાં જરૂરી હોય ત્યાં ભારતીય વન અધિનિયમ હેઠળ અનામત વન જમીન કે રક્ષિત વન તરીકે જાહેર કરેલ વન/જમીનથી જાળવવાના થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૯) અરજદારે/જયાં જરૂરી હોય ત્યાં વન્ય જીવન સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ અન્વયે અભ્યારણ્ય અથવા રાષ્ટ્રીય ઉપવન તરીકે જાહેર કરેલ કોઈપણ વિસ્તારની હદથી જાળવવાના થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

અરજદારે ઉપરોકત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જો તેમાં નિષ્ફળ જશે તો શરતભંગ ગણી સક્ષમ અધિકારી કાયદેસરની કાર્યવાહી કરશે.

જિલ્લા વિકાસ અધિકારી
જિલ્લા પંચાયત નવસારી

TRUE COPY

Deputy District Development Officer
Navsari

VEDANT INFRA

VEDANT INFRA

PARTNER